# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

Date : 30-03-2024 MIDDAY : 1.20 to 1.30

Day : Saturday National News

**આકાશવાણી સમાચાર ચૈતાલી શાહ વાંચે છે.**

*******************************************************

- રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુએ આજે રાષ્ટ્રપતિ ભવનમાં આયોજિત સમારોહમાં ભારત રત્ન પુરસ્કાર એનાયત કર્યા.
- લોકસભાની પ્રથમ તબક્કાની આગામી 19મી એપ્રિલે યોજાનારી ચુંટણી માટે ભરાયેલા ઉમેદવારી પત્રો પાછા ખેંચવાનો આજે છેલ્લો દિવસ.
- ભારતીય નૌકાદળે અરબી સમુદ્રમાં સોમાલી ચાંચિયાઓથી 23 પાકિસ્તાની નાગરિકોને બચાવ્યા.
- હવામાન વિભાગે આજથી ઉત્તરપૂર્વ ભારતમાં ભારે વરસાદ અને વાવાઝોડાની શક્યતા વ્યક્ત કરી.
- IPL ક્રિકેટમાં આજે લખનૌ સુપર જાયન્ટ અને પંજાબ કિંગ્સ વચ્ચે મુકાબલો થશે.

---------------------------

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

# REV. PRESIDENT - BHARAT RATNA

રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુએ આજે રાષ્ટ્રપતિ ભવનમાં આયોજિત સમારોહમાં ભારત રત્ન પુરસ્કાર એનાયત કર્યા. શ્રીમતી મુરમૂએ ભૂતપૂર્વ પ્રધાનમંત્રી પી.વી. નરસિમ્હા રાવ અને ચૌધરી ચરણ સિંહ, બિહારના બે વખતના ભૂતપૂર્વ મુખ્યમંત્રી કર્પૂરી ઠાકુર અને કૃષિ વૈજ્ઞાનિક એમ.એસ. સ્વામીનાથનને મરણોપરાંત દેશનું સર્વોચ્ચ નાગરિક સન્માન ભારત રત્ન પુરસ્કાર એનાયત કર્યા હતા. આ પુરસ્કાર તેમના સંબંધીઓને આપવામાં આવ્યા હતા. રાષ્ટ્રપતિ આવતીકાલે નવી દિલ્હીમાં ભૂતપૂર્વ નાયબ પ્રધાનમંત્રી અને ભાજપના દિગ્ગજ નેતા લાલકૃષ્ણ અડવાણીને દેશનો સર્વોચ્ચ નાગરિક પુરસ્કાર અર્પણ કરશે.

પદગ્રહણ સમારોહમાં ઉપરાષ્ટ્રપતિ જગદીપ ધનખડ,, પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી, કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ, કોંગ્રેસ અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગે, વિદેશમંત્રી ડૉ. એસ. જયશંકર, બિહારના મુખ્યમંત્રી નીતિશ કુમાર અને અન્ય મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા.

ઉલ્લેખનીય છે કે ભારત રત્ન દેશનો સર્વોચ્ચ નાગરિક પુરસ્કાર છે. જે કોઈપણ ક્ષેત્રમાં અસાધારણ સેવા અને સર્વોચ્ચ ક્રમના પ્રદર્શન માટે આપવામાં આવે છે.

# VP - JUDICIAL SYSTEM

ઉપરાષ્ટ્રપતિ જગદીપ ધનખડે ભારત એક મજબૂત ન્યાય પ્રણાલી ધરાવતું લોકશાહી રાષ્ટ્ર છે અને કોઈ વ્યક્તિ કે કોઈ જૂથ ન્યાયિક વ્યવસ્થા પર દબાણ લાવી શકે નહીં તેમ કહ્યું છે. ભારતીય લોકશાહીને અદ્ભુત ગણાવતા તેમણે કહ્યું કે ભારતને કાયદાના શાસન વિશે કોઈ પાસેથી શીખવાની જરૂર નથી. તેઓ ગઈ કાલે નવી દિલ્હીમાં ઈન્ડિયન ઈન્સ્ટિટ્યૂટ ઑફ પબ્લિક એડમિનિસ્ટ્રેશનના 70મા સ્થાપના દિવસની ઉજવણીમાં સંબોધન કરી રહ્યા હતા. તેમણે કહ્યું કે કાયદા સમક્ષ સમાનતા એ આજના ભારતની ઓળખ છે. તેમણે ભારતીય ન્યાય પ્રણાલીને મજબૂત, મૈત્રીપૂર્ણ અને સ્વતંત્ર ગણાવી હતી.

# 1ST AND 2ND-PHASE-NOTIFICATION

લોકસભાની પહેલા તબક્કાની આગામી 19મી એપ્રિલે યોજાનારી ચુંટણીની 102 બેઠકો માટે ભરાયેલા ઉમેદવારી પત્રો પાછા ખેંચવાનો આજે છેલ્લો દિવસ છે. આજે સાંજ સુધીમાં 102 બેઠકો પર કેટલા ઉમેદવારો ચૂંટણી લડી રહ્યા છે તે ચિત્ર સ્પષ્ટ થશે. 19મી એપ્રિલે મતદાન થયા બાદ આગામી ચોથી જૂને મતગણતરી હાથ ધરાશે.

દરમિયાન, લોકસભાની બીજા તબક્કાની આગામી 26મી એપ્રિલે યોજાનારી 89 બેઠકો માટેનું જાહેરનામું ગુરૂવારે બહાર પડ્યું હતું. બીજા તબક્કાની ચૂંટણીમાં 12 રાજ્યો અને એક કેન્દ્રશાસિત પ્રદેશની લોકસભાની 89 બેઠકો માટે મતદાન થશે જેમાં કેરળની 20, કર્ણાટકની

14, રાજસ્થાનની 13, ઉત્તરપ્રદેશ અને મહારાષ્ટ્રની 8-8, મધ્યપ્રદેશની 7, બિહાર અને આસામની 5, બંગાળ અને છત્તીસગઢની 3-3 જ્યારે મણિપુર, ત્રિપુરા તેમજ જમ્મુ અને કાશ્મીરની દરેકની એક-એક બેઠકોની ચૂંટણી યોજાશે.

આ 88 બેઠકો માટે આગામી ચોથી એપ્રિલ સુધી ઉમેદવારી પત્રો ભરી શકાશે. પાંચમીએ તેમની ચકાસણી થશે. જો કે, જમ્મુ- કાશ્મીરમાં ઉમેદવારી પત્રોની ચકાસણી આગામી છઠ્ઠી એપ્રિલે થશે.

## NAME-WITHDRAWAL-FIRST-PHASE

લોકસભા ચૂંટણીના પ્રથમ તબક્કા અને સિક્કિમ અને અરુણાચલ પ્રદેશમાં વિધાનસભા ચૂંટણી માટે આજે નામાંકન પરત ખેંચવાનો છેલ્લો દિવસ છે.

આ તબક્કા માટે બુધવાર સુધી ઉમેદવારી પત્રો ભરાયા હતા અને ગુરુવારે ઉમેદવારી પત્રોની ચકાસણી હાથ ધરવામાં આવી હતી. સિક્કિમની 32 અને અરુણાચલ પ્રદેશની 60 વિધાનસભા બેઠકો માટે 19 એપ્રિલે એક જ તબક્કામાં મતદાન થશે.

પ્રથમ તબક્કામાં બિહાર સહિત 17 રાજ્યો અને ચાર કેન્દ્રશાસિત પ્રદેશોની 102 લોકસભા બેઠકો માટે 19 એપ્રિલે મતદાન થશે. પ્રથમ તબક્કામાં તમિલનાડુ, અરુણાચલ પ્રદેશ, મેઘાલય, મિઝોરમ, નાગાલેન્ડ,

સિક્કિમ, લક્ષદ્વીપ, આંદામાન અને નિકોબાર ટાપુઓ અને પુડુચેરીમાં ચૂંટણી યોજાઈ રહી છે.

બિહારમાં સંસદીય ચૂંટણીના પ્રથમ તબક્કા માટે ગયા, ઔરંગાબાદ, નવાદા અને જમુઈની ચાર સંસદીય બેઠકો માટે ગુરુવારે ઉમેદવારી પત્ર ભરવાનો છેલ્લો દિવસ હતો. આજે ઉમેદવારી પત્રોની ચકાસણી કરવામાં આવશે. ઉમેદવારો 2 એપ્રિલ સુધી તેમના નામ પાછા ખેંચી શકશે. ચૂંટણી પંચે બિહારમાં હોળી અને બિહાર સ્થાપના દિવસને કારણે ઉમેદવારી નોંધાવવાની છેલ્લી તારીખ લંબાવી  હતી.

## J-K-SVEEP

જમ્મુ અને કાશ્મીરના કેન્દ્રશાસિત પ્રદેશમાં ચાલી રહેલા વ્યવસ્થિત મતદાર શિક્ષણ અને ચૂંટણી સહભાગીતા અભિયાનના ભાગરૂપે, ગઈકાલે ઉધમપુર જિલ્લામાં આંગણવાડી કેન્દ્ર પંચાયત, રથ્યાન પૂર્વ ખાતે આંગણવાડી કાર્યકરો માટે મહેંદી સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. ઓલ ઈન્ડિયા રેડિયોના જમ્મુના સંવાદદાતાએ અહેવાલ આપ્યો છે કે આ કાર્યક્રમ ઉધમપુર જિલ્લા ચૂંટણી અધિકારી સલોની રાયના માર્ગદર્શન હેઠળ "મત આપો અને રાષ્ટ્રનું નિર્માણ કરો" સૂત્ર સાથે મતદાર જાગૃતિને પ્રોત્સાહન આપવાના હેતુથી યોજવામાં આવ્યો હતો. આ કાર્યક્રમમાં ઘણા ઉત્સાહી લોકોએ ભાગ લીધો હતો. મહિલા આંગણવાડી. કામદારોએ ભાગ

લીધો હતો અને તેમના હાથને જટિલ ડિઝાઇન અને શક્તિશાળી સંદેશાઓથી શણગારીને તેમની કુશળતા દર્શાવી હતી. સ્પર્ધાએ મહિલાઓને આગામી લોકસભાની ચૂંટણીમાં તેમના મતાધિકારનો ઉપયોગ કરવા વિનંતી કરી હતી. સહભાગીઓએ તેમની મહેંદી ડિઝાઇનમાં ચૂંટણીમાં ભાગીદારી દર્શાવી હતી. નાગરિક ફરજ અને લોકશાહીનું પ્રતિનિધિત્વ કરતા પ્રતીકોનો સમાવેશ કર્યો હતો.

## AASAM CM

આસામના મુખ્ય મંત્રી હિમંતા બિસ્વા સરમાએ જાહેરાત કરી હતી કે આસામ સરકાર લોકસભા ચૂંટણી પછી સમાન નાગરિક સંહિતા (UCC) લાગુ કરશે. ગઈકાલે ગુવાહાટીમાં પત્રકારો સાથે વાત કરતા તેમણે કહ્યું હતું કે સરકાર રાજ્યમાં બહુપત્નીત્વને રોકવા માટે જરૂરી પગલાં પણ લઈ રહી છે.

મુખ્યમંત્રીએ કહ્યું કે આસામમાં રાષ્ટ્રીય લોકતાંત્રિક ગઠબંધન લોકસભા ચૂંટણીમાં સારો દેખાવ કરશે.

## CBI

ગૃહ મંત્રાલયે સેન્ટ્રલ બ્યુરો ઑફ ઇન્વેસ્ટિગેશન-સીબીઆઈને જેલમાં બંધ આમ આદમી પાર્ટીના નેતા અને દિલ્હીના ભૂતપૂર્વ પ્રધાન સત્યેન્દ્ર જૈન સામેના કોનમેન સુકેશ ચંદ્રશેખર દ્વારા ખંડણીના આરોપોની તપાસ કરવા માટે મંજૂરી આપી છે. સૂત્રોના જણાવ્યા અનુસાર આ મામલો ચંદ્રશેખરના આરોપ સાથે જોડાયેલો છે કે જ્યારે સત્યેન્દ્ર જૈન દિલ્હી કેબિનેટમાં મંત્રી હતા ત્યારે તેમણે તેમની પાસેથી 10 કરોડ રૂપિયાની માંગણી કરી હતી. આ સંદર્ભમાં ઠગ ચંદ્રશેખરે નવેમ્બર 2022માં દિલ્હીના લેફ્ટનન્ટ ગવર્નરને પત્ર પણ લખ્યો હતો.

## PM-SHYAMJI

પ્રધાનમંત્રી  નરેન્દ્ર મોદીએ આજે ક્રાંતિકારી સ્વાતંત્ર્ય સેનાની શ્યામજી કૃષ્ણ વર્માને તેમની પુણ્ય તિથિ પર શ્રદ્ધાંજલિ આપી છે. સોશિયલ મીડિયાના માધ્યમથી શ્રી મોદીએ  ભારતીય સ્વતંત્રતા ચળવળના અદમ્ય નેતા, તેમની અદમ્ય ભાવના અને સ્વતંત્રતાના હેતુ માટેની તેમની પ્રતિબદ્ધતાને ક્યારેય ભૂલી શકાશે નહીં તેમ જણાવ્યુ હતું.  1857માં ગુજરાતમાં જન્મેલા શ્યામજી કૃષ્ણ વર્માએ ભારતીય રાષ્ટ્રવાદ અને સ્વતંત્રતાના હેતુને પ્રોત્સાહન આપવા માટે લંડનમાં ઈન્ડિયન હોમ રૂલ સોસાયટી, ઈન્ડિયા હાઉસ અને ધ ઈન્ડિયન સોશિયોલોજિસ્ટની સ્થાપના કરી હતી.

ગુજરાતના મુખ્યમંત્રી તરીકે શ્રી મોદી વર્ષ 2003 માં સ્વિટ્ઝર્લેન્ડથી શ્યામજી કૃષ્ણ વર્માના અસ્થિ ભારત પરત લાવ્યા હતા.

---------

# REV. SOMALI PIRATES RESCUE

ભારતીય નૌકાદળે અરબી સમુદ્રમાં 12 કલાકના લાંબા ઓપરેશનમાં સોમાલી ચાંચિયાઓથી ઈરાનના ફિશિંગ જહાજમાં તૈનાત 23 પાકિસ્તાની નાગરિકોને બચાવ્યા છે.

ભારતીય નૌકા દળોએ, આવી ઘટનાઓનો સામનો કરવા માટે તેમની કુશળતા અને વ્યૂહાત્મક સંકલનનો ઉપયોગ કરીને, ચાંચિયાઓ સાથે વાટાઘાટો શરૂ કરી અને તેમને રક્તપાત વિના શરણાગતિ સ્વીકારવાની ફરજ પાડી. આ સફળ ઓપરેશન ભારતીય નૌકાદળ માટે ચાંચિયાગીરીની ઘટનાઓ સામે લડવામાં અને પ્રદેશમાં દરિયાઈ પ્રવૃત્તિઓની સલામતીને સુનિશ્ચિત કરવામાં નિર્ણાયક વિજય દર્શાવે છે.

28 માર્ચે ઈરાની જહાજ 'અલ કંબર 786' ના અપહરણની માહિતી મળતાં, દરિયાઈ સુરક્ષા કામગીરી માટે તૈનાત ભારતીય નૌકાદળના બે જહાજો - INS સુમેધા અને INS ત્રિશુલ - તેને બચાવવા માટે મોકલવામાં આવ્યા હતા. ઘટના સમયે ઈરાની ધ્વજ ધરાવતું જહાજ સોકોત્રાથી લગભગ 90 નોટિકલ માઈલ દક્ષિણ પશ્ચિમમાં હતું.

ભારતીય નૌકાદળની ટીમ ઈરાની જહાજની સર્ચ અને ટેકનિકલ તપાસ કરી રહી છે ત્યારબાદ તેને સુરક્ષિત જગ્યાએ લઈ જવામાં આવશે

## IMD – FORECAST

હવામાન વિભાગે આજથી ઉત્તરપૂર્વ ભારતમાં ભારે વરસાદ વાવાઝોડાની શક્યતા વ્યક્ત કરી છે.

જ્યારે જમ્મુ, કાશ્મીર, લદ્દાખ, ગિલગિટ, મુઝફ્ફરાબાદ, હિમાચલ પ્રદેશ અને ઉત્તરાખંડમાં અલગ-અલગ વિસ્તારોમાં ભારે વરસાદ અને બરફવર્ષા થવાની સંભાવના છે.

આ સાથે આવતીકાલ સુધી ઉત્તરપશ્ચિમ ભારતમાં હળવાથી મધ્યમ વરસાદ અને પશ્ચિમ હિમાલયન ક્ષેત્રના વિવિધ વિસ્તારોમાં પણ ભારે વરસાદની શક્યતા છે. જ્યારે અરુણાચલ પ્રદેશ, આસામ અને મેઘાલયમાં અલગ-અલગ જગ્યાએ ભારે વરસાદ અને બરફવર્ષા થવાની સંભાવના છે. હવામાન કચેરીએ ઓડિશા, ઝારખંડ અને બિહારમાં પણ હળવાથી મધ્યમ વરસાદની આગાહી કરી છે.

## IPL CRICKET

IPL ક્રિકેટમાં આજે લખનૌના અટલ બિહારી વાજપાઇ સ્ટેડિયમમાં લખનૌ સુપર જાયન્સ અને પંજાબ કિંગ્સ વચ્ચે મુકાબલો થશે. મેચ સાંજે સાડા સાત વાગે શરૂ થશે.

કોલકાતા નાઈટ રાઈડર્સે ગઈકાલે બેંગલુરુના એમ. ચિન્નાસ્વામી સ્ટેડિયમ ખાતે રોયલ ચેલેન્જર્સ બેંગ્લોરને સાત વિકેટે હરાવીને વિજય મેળવ્યો છે.

પ્રથમ બેટિંગ કરતા બેંગ્લોરે વિરાટ કોહલીના 59 બોલમાં 83 રનની મદદથી નિર્ધારિત 20 ઓવરમાં છ વિકેટે 182 રન બનાવ્યા હતા. જ્યારે કોલકાતાએ વેંકટેશ અય્યરના 30 બોલમાં 50 રનની મદદથી માત્ર 16 ઓવર અને 5 બોલમાં ત્રણ વિકેટ ગુમાવીને લક્ષ્ય હાંસલ કરી લીધું હતું.

આ સાથે કોલકાતા નાઈટ રાઈડર્સે આ સિઝનમાં અત્યાર સુધી રમાયેલી તમામ બે મેચ જીતી લીધી છે. જ્યારે રોયલ ચેલેન્જર્સ બેંગ્લોરે સિઝનમાં અત્યાર સુધી રમાયેલી ત્રણ મેચમાંથી માત્ર એક જ મેચ જીતી છે. પોઈન્ટ ટેબલમાં ચેન્નાઈ સુપર કિંગ્સ ટોચના સ્થાને અને બેંગ્લોર છઠ્ઠા સ્થાને યથાવત છે.